# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### આઠમું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી
## શુક્રવાર, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૬

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ**

**[વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી - ક્લાઇમેટ ચેન્જ - પશુપાલન - ગૌસંવર્ધન - વન અને પર્યાવરણ - પ્રોટોકોલ - સહકાર - મત્સ્યોદ્યોગ - શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર - ગ્રામ વિકાસ - કૃષિ અને ખેડૂત કલ્યાણ ].**

**કુલ પ્રશ્નો 64**

----

### અમદાવાદ જિલ્લાની નરોડા જી.આઈ.ડીસી. ની કેમિકલ કંપનીઓ ધ્વારા છોડવામાં આવતો ઝેરી ગેસ

**15/8/106 *1** **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સ્થિત નરોડા જી.આઈ.ડી.સી વિસ્તારમાં કેમિકલ ઉત્પાદન કરતી કંપનીઓ રાત્રે ઝેરી ગેસ છોડે છે તે અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદો અન્વયે કેટલી કંપનીઓની સામે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ચકાસણી કરવામાં આવી, અને

(૩) ઉકત ફરિયાદો અંતર્ગત કઈ કંપનીઓ સામે શા પગલાં લીધા?

----

## રાજયના ખેડૂતોને એજીઆર-૫૦ ટ્રેકટર અંતર્ગત સહાય.

15/8/70 *2 **શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજય સરકારશ્રી ધ્વારા છેલ્લા એક વર્ષમાં એજીઆર ૫૦ ખેતીના ભારે સાધનો (ટ્રેકટર ઘટક)ની ખરીદીની યોજનામાં સબસિડી માટે ફાળવવામાં આવતી બજેટ જોગવાઈમાં કોઈ વધારો કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો બજેટમાં કેટલો વધારો કરવામાં આવેલ છે?

----

## નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી.

15/8/27 *3 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૨૦/૦૧/૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત માનવદિન રોજગારી માટેની કેટલી અરજીઓ મળી,

(૨) ઉકત સ્થિતિએ કેટલા માનવદિન રોજગારી પૂરી પાડવામાં આવી છે, અને

(૩) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા માનવદિન રોજગારી પૂરી પાડવાની બાકી છે?

----

## કચ્છ જીલ્લામાં પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ તૈયાર કરવા ખેડૂતોને સહાય બાબત

15/8/2 *4 **શ્રી પ્રધુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષી અને ખેડૂત કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મ તૈયાર કરવા ખેડૂતને કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ,
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં કેટલા ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવી, અને
(૩) કેટલા મોડેલ ફાર્મ તૈયાર કરવામાં આવ્યા?

----

## મહીસાગર જિલ્લાના જમીયતપુરા સ્થિત મૌર્યો એન્વાયરો પ્રોજેક્ટલ પ્રા. લી. સાઈટના કારણે આસપાસના કુવાઓના પાણીમાં પ્રદુષણ.

15/8/182 *5 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જીલ્લાના જમીયતપુરા ખાતે આવેલ મે. મૌર્યો એન્વાયરો પ્રોજેક્ટલ પ્રા. લી. ની ડમ્પિંગ સાઈટના કારણે તેની આસપાસ વિસ્તારોના કુવાઓમાં કેમિકલયુક્ત પાણી આવે છે તે બાબતની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અન્વયે ઉક્ત કુવાઓના પાણીનું ટેસ્ટીંગ છેલ્લા બે વર્ષમાં ક્યારે કરવામાં આવ્યું, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ટેસ્ટીંગનો રીપોર્ટ શું છે?

----

## કચ્છ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના.

15/8/264 *6 **શ્રી કેશુભાઇ શીવદાસ પટેલ (ભૂજ):**

**કલાઇમેટ ચેન્જ :-**

માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે: -

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના અંતર્ગત કુલ કેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય પૂરી પાડવામાં આવી છે?

----

## અમદાવાદ શહેરમાં ડિસેમ્બર માસમાં વાયુ પ્રદુષણ.

15/8/298 *7 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ શહેરના કયા વિસ્તારોમાં ડિસેમ્બર,૨૦૨૫ના કુલ કેટલા દિવસો એવા નોંધાયેલ કે જે દિવસે તે વિસ્તારમાં હવા પ્રદુષણની વાયુ ગુણવત્તાનો સૂચકાંક (AQI)૩૦૦ કરતા વધારે હતો, અને

(૨) આ વાયુ પ્રદુષણ ઓછું કરવા સરકારે શું ઉપાયાત્મક પગલા લીધા છે?

----

## ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ.

15/8/288 *8 **શ્રી સી.કે.રાઉલજી (ગોધરા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## કચ્છ અને જૂનાગઢ જિલ્લામાં વન વિભાગની જમીનો પર ગેરકાયદે દબાણ.

15/8/330 *9 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ અને જુનાગઢ જિલ્લામાં વન વિભાગ હસ્તકની કુલ કેટલી જમીનો પર ગેરકાયદે દબાણની કેટલી ફરિયાદો મળી,

(૨) ઉકત ફરિયાદો સંદર્ભે કેટલા દબાણો હટાવવામાં આવ્યા, અને

(૩) ઉકત ફરિયાદો અન્વયે કેટલા ઈસમો સામે વિભાગ ધ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી?

----

## રાજયના ખેડૂતોને એજીઆર- ૫૦ ટ્રેકટર અંતર્ગત સહાય .

15/8/73 *10 **શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી (જામનગર (દક્ષિણ)):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજય સરકાર ધ્વારા છેલ્લા એક વર્ષમાં એજીઆર ૫૦ ખેતીના ભારે સાધનો (ટ્રેકટર ઘટક)ની ખરીદીની યોજનામાં ખેડૂતોને મળતી સબસિડીમાં કોઈ વધારો કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે ઘટકમાં સરકારશ્રી ધ્વારા સહાયની કેટલી રકમનો વધારો કરવામાં આવેલ છે?

----

## ઉમરગામ તાલુકામાં કમોસમી વરસાદને કારણે થયેલ પાક નુકશાન.

15/8/316 *11 **શ્રી રમણલાલ નાનુભાઇ પાટકર (ઉમરગામ ):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉમરગામ તાલુકામાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને થયેલ નુકશાન બાબતે કેટલું વળતર આપવામાં આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ બાકી રહેલ ખેડૂતોને કયાં સુધીમાં આર્થિક સહાય ચૂકવવામાં આવશે?

----

## નવસારી જિલ્લામાં પશુઓનું રસીકરણ.

15/8/77 *12 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) આ રસીકરણ કયા પ્રકારના રોગો સામે રક્ષણ માટે કરવામાં આવ્યું?

----

## તાપી જિલામાં પપૈયા પાકના વાવેતર માટે પ્રોત્સાહન .

15/8/83 *13 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ રાજયમાં ખેડૂતોને પપૈયા ફળપાકના વાવેતર માટે સરકારશ્રી ધ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો પપૈયા ફળ પાકના વાવેતર માટે તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાપી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

**મહેસાણા જિલ્લામાં ખેડૂતોને એજીઆર-૫૦ ટેકટર અંતર્ગત સહાય.**

15/8/72 *14 **શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં એજીઆર ૫૦ ટ્રેકટર સહાય યોજના અંતર્ગત ટ્રેકટરમાં સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલા ખેડૂતોની અરજીઓ મળી, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી?

----

**પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિ અને માવઠાને કારણે થયેલ પાક નુકશાની પેટે ચૂકવેલ સહાય બાબત.**

15/8/131 *15 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) સને ૨૦૨૫ના વર્ષમાં પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિ અને માવઠાના કારણે ખેડૂતોના પાકને થયેલ નુકસાન અન્વયે સહાય મંજૂર કરવામાં આવી છે તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ખેડૂતોને મળવાપાત્ર સહાય પૈકી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ ચૂકવવાપાત્ર કેટલી સહાય કયા કારણોસર ચૂકવવાની બાકી છે, અને

(૪) ઉકત બાકી રહેલ સહાય કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

----

**વાંસદા અને ચીખલી તાલુકામાં કમોસમી વરસાદના કારણે થયેલ પાક નુકસાન.**

15/8/247 *16 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧)તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાંસદા અને ચીખલી તાલુકામાં કમોસમી વરસાદના કારણે કેટલા ખેડૂતોને આર્થિક સહાય ચૂકવવામાં આવી અને કેટલાને કયા કારણોસર આર્થિક સહાય ચૂકવવાની બાકી છે, અને

(૨) ઉક્ત બાકી રહેલ આર્થિક સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

----

## રાજકોટ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના.

15/8/265 *17 **ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા (ધોરાજી):**

**કલાઇમેટ ચેન્જ :-**
માનનીય કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે: -

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં બાયોગેસ પ્લાન્ટ યોજના અંતર્ગત કુલ કેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થાપવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય પૂરી પાડવામાં આવી છે?

----

## જૂનાગઢ જીલ્લામાં મગફળી, સોયાબીન અને ચણાની ટેકાના ભાવે ખરીદી બાબત

15/8/321 *18 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૨૦/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા છ મહિનામાં મગફળી, સોયાબીન અને ચણાનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે જૂનાગઢ જીલ્લામાં તાલુકાવાર જણસદીઠ કેટલા ખેડૂતોએ રજીસ્ટ્રેશન કર્યા,
(૨) તે પૈકી ઉક્ત સ્થિતિ સુધીમાં તાલુકાવાર જણસવાર કુલ કેટલા ખેડૂતોએ વેચાણ કર્યું, અને
(૩) ઉક્ત ખેડૂતો પૈકી ઉક્ત વેચાણ માટે કેટલા ખેડૂતોને ચુકવણું કરવામાં આવ્યું અને કેટલાને બાકી છે?

----

## છોટાઉદેપુર જીલ્લા ખાતે ડેરી વિજ્ઞાન કેન્દ્ર બનાવવા બાબત

15/8/155 *19 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લા ખાતે ડેરી વિજ્ઞાન કેન્દ્ર બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે તે હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યાં તબકકે છે?

----

## બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ઝાંઝરવા ગામે પ્રદુષણ ફેલાવતી કંપની સામે ફરિયાદ.

15/8/98 *20 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાના ઝાંઝરવા ગામે સ્થિત પથ્થરનો પાવડર બનાવતી કંપની ધ્વારા વ્યાપક પ્રદુષણ ફેલાય છે તેવી કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદો અન્વયે કઈ કંપનીઓ સામે શાં પગલા લેવામાં આવ્યા?

----

## અમદાવાદ જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય

15/8/85 *21 **શ્રી કાળુભાઇ રૂપાભાઇ ડાભી (ધંધુકા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં સરકારશ્રી ધ્વારા સહાય આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજનામાં થયેલ ગેરરીતિ.

15/8/420 *22 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ગ્રામ વિકાસ :-**
માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં મનરેગા અંતર્ગતના વિકાસ કામોમાં ભ્રષ્ટાચાર-ગેરરીતિની કેટલી ફરિયાદો મળેલ છે?

(૨) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલી રકમની ગેરરીતી-ભ્રષ્ટાચાર થયાનું ધ્યાનમાં આવેલ છે, અને

(૩) ઉકત ભ્રષ્ટાચાર-ગેરરીતી સંદર્ભે કોની સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## પંચમહાલ જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે નોંધાયેલ શિક્ષિત બેરોજગારો.

15/8/38 *23 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર :-**
માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં જિલ્લા રોજગાર વિનીમય કચેરીમાં કેટલા શિક્ષીત બેરોજગારો નોંધાયેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી?

----

## રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા સહાય.

15/8/67 *24 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

**જામનગર અને દેવભૂમિ ધ્વારકા જીલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ સહાય.**

15/8/378 *25 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ ધ્વારકા જીલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન(NRLM) હેઠળ કુલ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આવા સ્વસહાય જૂથોને છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય આપવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉકત યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે?

----

**પંચમહાલ જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના.**

15/8/78 *26 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દુધાળા પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી?

----

**બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજ પર રૂફટોપ સોલાર પેનલ સહાય.**

15/8/82 *27 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કોલ્ડ સ્ટોરેજમાં રૂફ ટોપ સોલાર પેનલ માટે બાગાયત ખાતા ધ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા તો ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી?

----

## મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત રોજગારી.

15/8/114 *28 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં કેટલા શ્રમિકોને રોજગારી આપવામાં આવી છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત શ્રમિકો પૈકી કેટલા શ્રમિકોને ઓછામાં ઓછી ૧૦૦ દિવસની રોજગારી આપવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેતીને થયેલ નુકશાનની સહાય બાબત

15/8/230 *29 **શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી (સંખેડા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કમોસમી વરસાદને કારણે ખેતીને થયેલ નુકશાનની કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી કુલ કેટલા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી ?

----

## ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ.

15/8/287 *30 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## નર્મદા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય.

15/8/69 *31 **ડૉ.દર્શના ચંદુભાઇ દેશમુખ (નાંદોદ):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## રાજકોટ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો.

15/8/344 *32 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર :-**
માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટની રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા બેરોજગારોને વર્ષવાર રોજગારી મળી?

----

## અમદાવાદ જિલ્લામાં એજીઆર- ૫૦ ટ્રેકટર અંતર્ગત સહાય .

15/8/71 *33 **શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ (દસક્રોઇ):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં એજીઆર ૫૦ ટ્રેકટર સહાય યોજના અંતર્ગત ટ્રેકટરમાં સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલા ખેડૂતોની અરજીઓ મળી, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડૂતોને સહાય ચૂકવવામાં આવી?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/8/80 *34 **શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર (દસાડા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ગાય-ભેંસ માટેની વિયાણ બાદ પશુ ખાણદાણ સહાય આપવાની યોજના હેઠળ કુલ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં શાહુકાર ધારોની જોગવાઈ મુજબ કરેલ કાર્યવાહી.

15/8/417 *35 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**સહકાર :-**

માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ચાલતી બિનઅધિકૃત ધિરાણ પ્રવૃત્તિઓને શોધીને તેની ઉપર અંકુશ મેળવવા શાહુકાર ધારાની જોગવાઈ મુજબ કેટલા ઈસમોને શોધી કાઢવામાં આવ્યા, અને

(૨) ઉકત ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## જુનાગઢ કૃષિ યુનીવર્સીટી હેઠળ મોરબી ખાતે કૃષિ કોલેજ શરુ કરવા અંગે.

15/8/118 *36 **શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા (ટંકારા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ કૃષિ યુનીવર્સીટી હસ્તકની મોરબી ખાતે નવી કૃષિ કોલેજ બનાવવા માટે અંદાજ પત્ર ૨૦૨૫-૨૬માં કેટલી નાણાકીય જોગવાઈ કરવામાં આવી, અને

(૨) મોરબી કૃષિ કોલેજનું બાંધકામ કયારે શરૂ કરવામાં આવનાર છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન બાબત.

15/8/76 *37 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કુલ કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી?

----

**મહિસાગર જિલ્લામાં ડેરી ફાર્મ સ્થાપનાની સહાય યોજના**

15/8/79 *38 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં સ્વરોજગારીના હેતુસર પશુપાલન વ્યવસાય માટે ૧૨ દૂધાળાં પશુના ડેરી ફાર્મ સ્થાપનાની સહાયની યોજના અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી?

----

**બોટાદ જિલ્લામાં પશું દવાખાના અને એમ્બ્યુલન્સ**

15/8/173 *39 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા ૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં જિલ્લા લેવલનું પશું દવાખાનું બનાવવાની કામગીરી કયા તબકકે છે, અને

(૨) ઉકત જિલ્લામાં ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી પશું એમ્બ્યુલન્સ કાર્યરત છે અને તાલુકાવાર બાકી ગામોમાં પશું એમ્બ્યુલન્સ સેવા આપવાનું આયોજન છે કે કેમ?

----

**ખેડા જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય.**

15/8/68 *40 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

**અમરેલી જિલ્લામાં આંબા ફળપાક માટે પ્રોત્સાહન.**

15/8/84 *41 **શ્રી જનકભાઇ તળાવિયા (લાઠી):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ રાજયમાં ઘનિષ્ટ ખેતીથી વાવેલ આંબા ફળપાક માટે બાગાયત ખાતા ધ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમરેલી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

**વેરાવળ બંદરની જેટી ઉપર હાઈ માસ્ટર લાઈટનાં અભાવની ફરિયાદો.**

15/8/350 *42 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**મત્સ્યોદ્યોગ :-**
માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથમાં વેરાવળ બંદર પર માછીમારની મિલકતની સુરક્ષા માટે જેટી ઉપર હાઈ માસ્ટર લાઈટનો અભાવ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદો નિવારવા સરકાર ધ્વારા શી કાર્યવાહી કરી?

----

**અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં આવેલ ફેકટરીઓમાં શ્રમિકોને લઘુત્તમ વેતન મુજબ મહેનતાણું ન મળતું હોવાની ફરિયાદો.**

15/8/107 *43 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર :-**
માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને

બનાસકાંઠા જિલ્લામાં આવેલ ફેકટરીઓમાં કામ કરતા શ્રમિકોને લઘુત્તમ વેતન મુજબ મહેનતાણું ચૂકવાતું નહિ હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદો અન્વયે શ્રમિકોને પુરતું મહેનતાણું મળી રહે તે માટે સરકારે શી કાર્યવાહી કરી?

----

## નર્મદા જિલ્લામાં વન વિભાગ ધ્વારા રસ્તા અને બ્રિજના કામો અટકાવવા બાબત.

15/8/28 *44 **શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૨૦/૦૧/૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં વન વિભાગ ધ્વારા અન્ય વિભાગ હસ્તકના રસ્તા અને બ્રિજના કામો અટકાવવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨)જો હા, તો તેની વિગત શી છે તથા ઉકત કામો અટકાવવાના શાં કારણો છે, અને

(૩) ઉકત કામો કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

----

## કચ્છ જીલ્લામાં ચેકડેમ અને વન તલાવડીઓ

15/8/4 *45 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧)તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં તાલુકાવાર વન વિભાગ દ્વારા કેટલા ચેકડેમ અને વન તલાવડીઓ બનાવવામાં આવી,અને
(૨)તેની પાછળ તાલુકાવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## રાજ્યમાં એગ્રી બીઝનેસ પોલીસી.

15/8/183 *46 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં એગ્રી બીઝનેસ પોલીસીની મુદત

ક્યારે પૂણ થઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પોલીસી નવી બનાવવા માટેનું આયોજન છે કે કેમ?

----

**રાજયમાં માદા વાઘ લાવવા બાબતે રજૂઆત.**

15/8/331 ***47** **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**વન અને પર્યાવરણ :-**
માનનીય વન મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજય સરકાર ધ્વારા કેન્દ્રીય નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરીટીને ગુજરાતમાં માદા વાઘ લાવવા બાબતે છેલ્લા બે વર્ષમાં રજૂઆત કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, ઉકત રજૂઆત કયારે કરવામાં આવી, અને

(૩) ઉકત રજૂઆત સંદર્ભે શી કાર્યવાહી થઈ?

----

**પાટણ જિલ્લામાં તાલુકાવાર ૧૯૬૨ પશુ એમ્બ્યુલન્સ સેવા.**

15/8/132 ***48** **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પશુપાલન :-**
માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કયા ગામો ૧૯૬૨ એનીમલ મોબાઈલ મેડીકલ એમ્બ્યુલન્સ સેવાથી વંચિત છે,

(૨) ઉકત ગામો ઉકત સહાયથી વંચિત રહેવાના કારણો શાં છે, અને

(૩) ઉકત બાકી રહેલ ગામોને ઉકત સેવા કયાં સુધીમાં પૂરી પાડવામાં આવશે?

----

**વલસાડ જિલ્લામાં નોંધાયેલ શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર .**

15/8/410 ***49** **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર :-**
માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા બેરોજગારોને વર્ષવાર રોજગારી આપવામાં આવી?

----

**વિસાવદર અને તાલાલા તાલુકામાં અનામત જંગલ જમીનના સેટલમેન્ટ અંગે**

15/8/217 *50 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ જુનાગઢ જીલ્લાના વિસાવદર અને ગીર સોમનાથ જીલ્લાના તાલાલા તાલુકામાં વન ખાતાના નિયંત્રણ હેઠળની કેટલા ગામોની અનામત જંગલ જમીનોનું ફોરેસ્ટ સેટલમેન્ટ કરવાનું બાકી છે,
(૨) ઉક્ત ગામડાઓની અનામત જંગલ જમીનનું ફોરેસ્ટ સેટલમેન્ટ કરવા સરકારે છેલ્લા બે વર્ષમાં શા પ્રયાસો કર્યા, અને
(૩) સરકાર દ્વારા ઉક્ત ફોરેસ્ટ સેટલમેન્ટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

----

**છોટાઉદેપુર જિલ્લામાં સ્વચ્છ ભારત મીશન(ગ્રામીણ) યોજના હેઠળની કામગીરી**

15/8/157 *51 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જીલ્લામાં તાલુકાવાર સ્વચ્છ ભારત મીશન(ગ્રામીણ) યોજના હેઠળ વ્યક્તિગત અને સામૂહિક શૌચાલય બનાવવા માટેની કેટલી માગણી આવી,
(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા વ્યકિતગત અને સામૂહિક શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

**બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગ ધ્વારા રોડ માટેની બાકી મંજૂરી**

15/8/99 *52 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા

જિલ્લામાં મંજૂર થયેલ કેટલા અને કયા રસ્તાઓને વન વિભાગની મંજૂરી ન મળતા તેના કામો અટવાયેલા છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત અટવાયેલ રસ્તાઓને મંજૂરી કેટલા સમયમાં આપવામાં આવશે ?

----

## વલસાડ શહેર અને જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં સ્થાનિકોને રોજગારી.

15/8/425 *53 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીથી જણાવવા કૃપા કરશે કે :-

(૧)તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર વલસાડ જીલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કેટલા એકમોએ સ્થાનિકોને રોજગારી આપવાના નિયમોનું ઉલ્લંઘન કરેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કયા એકમો સામે શાં પગલા ભરવામાં આવ્યા?

----

## પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ગાય નિભાવ ખર્ચ માટે મળેલ અરજીઓ.

15/8/39 *54 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ છેલ્લા બે(૨) વર્ષ દરમ્યાન વર્ષવાર પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ગાય નિભાવ ખર્ચ માટે આઈ-ખેડૂત પોર્ટલ હેઠળ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચુકવવામાં આવી?

----

## જામનગર અને દેવભૂમિ ધ્વારકા જીલ્લામાં અતિવૃષ્ટિના કારણે ખેડૂતોને થયેલ નુકશાન અન્વયે પાક સહાય

15/8/379 *55 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કે:-

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જીલ્લામાં સન ૨૦૨૫ ના વર્ષમાં અતિવૃષ્ટિ અને માવઠાના કારણે ખેડૂતોને થયેલ નુકશાન અન્વયે પાક સહાય પેકેજ જાહેર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ કેટલી મળવાપાત્ર સહાયની ચુકવણી કરવામાં આવી અને કેટલી સહાય ચુકવવાની બાકી છે,
(૩) સહાય ચુકવણી બાકી રહેવાના શા કારણો છે, અને
(૪) બાકી રહેલ તમામ સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે?

----

## ડીજીટલ ગુજરાત પોર્ટલના સર્વર સંબંધિત ફરિયાદો.

15/8/115 *56 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી :-**

માનનીય વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડીજિટલ ગુજરાત પોર્ટલના સર્વર ડાઉન, ખૂબ ધીમા ચાલતા અથવા વારંવાર એરર આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત ફરિયાદોને નિવારવા માટે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## વેરાવળ બંદર પર શુદ્ધ પીવાના પાણી અને પાયાની સુવિધાની અછત.

15/8/351 *57 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેરાવળ બંદર ઉપર શુદ્ધ પીવાના પાણી અને પાયાની સુવિધાની અછત હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અન્વયે છેલ્લા એક વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી?

----

## રાજયમાં શાહુકાર ધારાનો અમલ કરવા મંજૂર મહેકમ.

15/8/245 *58 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**સહકાર :-**

માનનીય સહકાર મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજયમાં શાહુકાર ધારાનો અમલ કરવા મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત ખાલી જગ્યાઓ સત્વરે નહિ ભરવાના કારણો શાં છે, અને

(૩) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

----

**કચ્છ જીલ્લામાં નોંધાયેલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગાર**

15/8/10 *59 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર :-**

માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કે :-

(૧)તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કચ્છ જીલ્લામાં તાલુકાવાર નોંધાયેલા શિક્ષીત અને અર્ધશિક્ષિત બેરોજગારો કેટલા છે,અને

(૨)ઉક્ત નોંધાયેલા બેરોજગારો પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને નોકરી પૂરી પાડવામાં આવી?

----

**રાજયમાં સ્ટેટ એકશન પ્લાન ફોર કલાઈમેન્ટ ચેન્જ.**

15/8/133 *60 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**કલાઇમેટ ચેન્જ :-**

માનનીય કલાયમેન્ટ ચેન્જ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજ્ય સરકાર પાસે સ્ટેટ એકશન પ્લાન ફોર ક્લાઈમેટ ચેન્જ (SAPCC) છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત પ્લાન છેલ્લે ક્યારે અપડેટ કરવામાં આવેલ?

----

**પાકિસ્તાનની જેલમાં બંધ ગુજરાતના માછીમારો**

15/8/322 *61 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કેઃ-

(૧) તા.૨૦/૦૧/૨૦૨૬ની સ્થિતિએ રાજયના કુલ કેટલા માછીમારો પાકિસ્તાનની જેલમાં છે,
(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા માછીમારોનાં પાકિસ્તાનની જેલમાં મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ માછીમારોને છોડાવવા મુખ્યત્વે શા પ્રયત્નો કરવામાં આવ્યા?

----

**રાજયમાં અનુસૂચિત જનજાતિના લોકોને ગૌણ વન પેદાશો અંતર્ગત રોજગારી.**

15/8/100 *62 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**વન અને પર્યાવરણ :-**
માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજયમાં અનુસૂચિત જનજાતિના લોકોને ગૌણ વન પેદાશો અંતર્ગત રોજગારીની તક પૂરી પાડવા માટે યોજના કાર્યરત છે તે હકીકત ખરી છે,

(૨) જો હા તો, ઉકત સ્થિતિએ કઈ યોજનાઓ અમલમાં છે, અને

(૩) ઉકત યોજનાઓ માટે વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં કેટલું બજેટ ફાળવવામાં આવ્યું?

----

**પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોના પાક નુકશાનીની વળતરની અરજીઓ.**

15/8/44 *63 **શ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ) (શહેરા):**

**કૃષિ અને ખેડૂત કલ્યાણ :-**
માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવાં કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ખેડૂતોના પાક નુકશાનીની વળતરની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને કેટલી નામંજુર કરવામાં આવી, અને

(૩) ઉકત મંજુર અરજીઓ પૈકી કેટલી સહાય ચુકવવાની બાકી છે?

----

## કચ્છ જિલ્લામાં યુઝર એજન્સી પાસેથી નેટ પ્રેઝન્ટ વેલ્યુની વસૂલાત

15/8/362 *64 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**વન અને પર્યાવરણ :-**

માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ રાજ્યમાં યુઝર એજન્સીને વન વિભાગની જમીન બિનજંગલ હેતુ માટે આપવામાં આવે છે, ત્યારે 'નેટ પ્રેઝન્ટ વેલ્યુ' (NPV) ભરવા અંગે જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં યુઝર એજન્સી પાસે NPV ની કેટલી રકમ કોની પાસેથી વસુલવાની બાકી છે,

(૩) ઉક્ત સ્થિતિએ વસુલાત ના થવાના શાં કારણો છે, અને

(૪) ક્યાં સુધીમાં વસૂલાત કરવામાં આવનાર છે?

----